જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૨/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૬૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૩૨	૨	૧૧૨૩૪	૧૭૩૬૪	૨	૧૭૩૬૬
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૯	૦	૬૯	૨૭૫	૦	૨૭૫
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૮૫૮	૩	૨૮૮૬૧	૩૦૧૫૫	૩	૩૦૧૫૮
કુલ		૪૪૮૬૧	૫	૪૪૮૬૬	૫૪૦૧૯	૫	૫૪૦૨૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૦	૧૦,૮૪,૭૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૧૨	૨,૧૨,,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૬૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૧૯૯ લીટર દેશી દારૂ, ૨૯ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૩ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૩,૭૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૬૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૨૬૬/૨૦૨૧**

નવરંગપુરાઃ સંજયકુમાર જગદિશચન્દ્ર રાવલ (ઉ.વ.૩૮)(રહે.માધવબાગ સોસાયટી સ્વામિનારાયણ સ્કુલ સામે નિર્ણયનગર) એ તા.૦૮/૦૨/૨૦૨૧ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સંજયકુમાર રાવલ નવરંગપુરા સ્વસ્તીક ક્રોસ રોડ પાસે આશિષ કોપ્લેક્ષ ખાતે "ચિત્રા(બી) પબ્લીસીટી કંપનીના પ્રોપરાઇટર તરીકે નોકરી કરતા હતા. તેમજ "ચિત્રા(બી) પબ્લીસીટીને હોડીંગ માટે ગ્રાહકોની જાહેરાતો લાવી આપી અને એડવરટાઈઝમેન્ટનુ કામ કરતા હતા. તે પેટે આરોપી બકુલેશભાઇ કાંતીલાલ મહેતા(રહે. ઓફીસઃ આશિષ કોપ્લેક્ષ, સ્વસ્તીક ક્રોસ રોડ પાસે, નવરંગપુરા) કમિશન આપતા હતા. ત્યારબાદ સને ૨૦૧૭ થી ૨૦૧૯ માં હોડીંગ માટે ગ્રાહકોની જાહેરાતો લાવી આપેલ અને એડવરટાઈઝમેન્ટનુ કામ કરેલ તે પેટે કમિશનના નિકળતા નાણાં ૬૪,૮૦,૦૦૦/- આજદિન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી.આર.જે.ચુડાસમા ચલાવે છે.

ઓઢવઃ જયેશકુમાર ધનજીભાઇ ઠુમ્મર (ઉ.વ.૨૬) (રહે.અભિલાષા સ્કેવર, આંજણા ચોક પાસે નિકોલ) ઓઢવ આજણા ચોક પાસે અભિનવ આર્કેડ એસ્ટેટ શેડ નંબર-૨૯ "બ્રાઇટેકલેસર એન્ડ ઓટોમેશન નામના કારખાનામાં બ્રાઇટેક લેસર એન્ડ ઓટોમેશન કંપનીના મેટલ માર્કીંગ ફાયબર લેસર મશીન બનાવી વેચાણ કરતા હોઈ તા.૦૬/૦૧/૨૦૨૦ બપોરના ૧/૩૦ ના સુમારે જયેશકુમારના મોબાઈલ ફોન પર અજાણ્યા મોબાઈલ નંબર ૯૬૮૭૨૪૭૯૫૮ ના ધારકે રાજકોટ ગોંડલ ચોકડી માલધારી ફાટક પાસે "શ્રીજી મેન્યુફેક્ચરીંગ" ખાતેથી ભાવેશ પટેલ વાત કરતા હોવાની ઓળખ આપી "બ્રાઇટેક લેસર એન્ડ ઓટોમેશન કંપનીના મેટલ માર્કીંગ ફાયબર લેસર મશીન નંગ-૦૨ ખરીદ કરવાનુ કહી ટોકન પેટે આંગડીયા મારફતે રૂપિયા ૧૫,૦૦૦/- મોકલી જયેશકુમારને વિશ્વાસમાં લઈ મેટલ માર્કીંગ ફાયબર લેસર મશીન નંગ-૦૨ કિમત રૂપિયા ૩,૮૦,૦૦૦/- રાજકોટ ખાતે અલ્પેશ રોડવેઝમા મંગાવી મેળવી લઈ નાણાં નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ અંગેની ફરીયાદ જયેશકુમાર ઠુમ્મરે તા.૦૮/૦૨/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.મકવાણા ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૨૬૭/૨૦૨૧**

શાહીબાગઃ અજય પુનમભાઇ પટણી (ઉ.વ.૨૧)(રહે.કડીયાની ચાલી ચમનપુરા અસારવા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૨/૨૦૨૧ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વાઘેલા ચલાવે છે.

સરદારનગરઃ (૧) રાહુલભાઇ આનંદરામ છાબડા (ઉ.વ.૨૬)(રહે. "એફ" વોર્ડ ઘર નંબર-૧૫ કેવલ કચોરી આઇસ ફેક્ટરી કુબેરનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૨/૨૦૨૧ કલાક ૧૨/૦૦ વાગ્યા પહેલા ન્યુ "જી" વોર્ડ ખાતે આવેલ દુકાન નંબર-૧૦૬ ના બીજા નંબરના રૂમમાં પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અજીતસિહ છગનસિહ ચલાવે છે.

સરદારનગરઃ (૨) કિશોરભાઈ જગદિશભાઈ ચારણ (ઉ.વ.૩૨)(રહે.બ્લોક નં.૧૫૯ "એ" વોર્ડ ભાનુ સ્કુલ પાસે કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૨/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે કુબેરનગર દેવલાલી બજાર બહુચર કિરાણા સ્ટોર્સ ઉપરની દુકાન ખાતે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રજનીકાંત ડાહ્યાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી